

પાબ્લો પિકાસો

ઈબી લેપ્સકી ચિત્ર : પાઓલો કાર્દોની






પબ્લિતો એક નાનો ધૂની છોકરો હતો. એનો મિજાજ મૌસમ ની જેમ અચાનક બદલાઈ જતો હતો. ક્યારેક એ આનંદી અને ખુશખુશાલ અને પ્યારો લાગતો. પણ ઘણી વાર એનો સ્વભાવ તોફાની અને હતાશ અને ક્રોધાયમાન થઈ જતો. એની માઁ એને બહુ પ્રેમ કરતી હતી, પણ એ એના પુત્ર ને સમજતી નહોતી.



એક વાત જે એને બિલકુલ સમજાતી નહોતી એ હતી વસ્તુઓ માટે પબ્લિતો ની ભાવના. પબ્લિતો બહુ સાવધાની થી સૂકા પાંદડા, સમુદ્ર ના શંખ, કાંકરા, આલૂ ના ઠળિયા, અને ચેરી ની ડાંડલીઓ જેવી વસ્તુઓ ભેગી કરતો હતો. પણ એ બધા અદ્ભૂત અને મોંઘા રમકડાં ની અવગણના કરતો જે એને બહુ પ્રેમ થી આપવામાં આવતા હતા.

એક દિવસ એક સમુદ્ર નો શંખ પબ્લિતો થી પડી ને ટૂટી ગયો. દુઃખી થઈ ને પબ્લિતો એ ભયાનક ગુસ્સો કર્યો.



"તારી પાસે અનેક શંખ છે જે બિલકુલ તૂટેલા શંખ જેવા છે," માઁ એ એને આમ કહી ને સાંત્વના આપવાની કોશિશ કરી.

પણ પબ્લિતો ને એના થી કોઈ દિલાસો ન મળ્યો. એણે શોધી કાઢ્યું હતું કે જે ચીજો એકદમ એકસરખી લાગે છે, હકીકત માં એમાં નાના-નાના ફરક હોય છે. એક સમુદ્ર નો શંખ હંમેશા બીજા શંખ થી અલગ હોય છે. એક પાંદડું, હંમેશા બીજા પાંદડા થી અલગ હોય છે. એક આલૂ નો ઠળિયો બીજા કોઈ આલૂ ના ઠળિયા જેવો નથી હોતો.

યુવાન પબ્લિતોએ એ શોધી કાઢ્યું કે પ્રકૃતિ ક્યારેય પોતાને પુનરાવર્તિત કરતી નથી. પણ એ કહેવા નું એનું મન ન થયું. એણે આ વાત ને એની અંદર જ રાખી, પણ બહાર થી એ રડતો અને રાડો પાડતો રહ્યો.




પણ એક રવિવાર ની સવારે, જયારે માઁ એને ચર્ચ લઈ જવા તૈયાર કરી રહી હતી, ત્યારે પબ્લિતો એ કંઈક ભયાનક કર્યું.
એણે એની નાની બહેન ને એક ઈંડા ની જરદી (અંદર ના પીળા ભાગ) થી રંગી નાંખી, જેથી એ એક રમુજી રંગલા જેવી દેખાવા લાગી. એણે એની બહેન ના ગાલ પર બે મોટા ગોળ પીળા ધબ્બા, અને આંખો ની ફરતે બે પીળા વર્તુળ અને નાક પર એક પીળો ધબ્બો બનાવ્યો. એણે બહેન ના વાળ માં ઈંડા ની જરદી થી લકીરો બનાવી અને એના સુંદર ગુલાબી રંગ ના ફ્રોક પર પણ ઈંડા ની જરદી થી પટ્ટાઓ બનાવ્યા.

શરૂઆત માં તો બહેન ને એ એક રમત લાગી. પણ જયારે એણે પોતાને અરીસા માં જોઈ તો એને એનો ચહેરો એક રાક્ષસી જેવો દેખાયો. એનો સુંદર પોશાક પણ બરબાદ થઈ ગયો. પછી એ પોક મૂકી ને રડવા લાગી.

માઁ ને જેવી આ વાત ની ખબર પડી તો એણે પણ રડવાનું ચાલુ કરી દીધું. એ એક સુંદર ફીત ના રૂમાલ માં ડૂસકાં ભરવા લાગી અને એણે કહ્યું, "હવે બહુ થયું! પબ્લિતો, હવે તારા પિતા તને ઠેકાણે લાવશે!"





પછી પબ્લિતો એના રૂમ માં ગયો. ત્યાં જઈને એ એના રમકડાં ને ઝનૂન થી લાત મારવા લાગ્યો. માઁ ને કંઈ સમજાયું નહીં. પબ્લિતો એના રમકડાં ને કેમ તોડવા ચાહતો હતો? પણ હકીકત માં પબ્લિતો કંઈ પણ નષ્ટ કરવા નહોતો ચાહતો. એ ફક્ત એ રમકડાં ની રોજિંદી વાસ્તવિકતા ને કોઈ અન્ય વસ્તુ માં બદલવા ચાહતો હતો.

પબ્લિતો ની કલ્પના માં, એની વેગન ના પૈડાં મોટી બિલાડી ની આંખો હતી; ટ્રાઇસિકલ નું હેન્ડલ - આખલા ના શિંગડા હતા. જો એ એને કાઢી ને એના રમકડાં ના ઘોડા પર રાખી શકે - તો શું એ એક નવું પ્રાણી બનાવી શકે!

પબ્લિતો ની માઁ એના દીકરા ને બિલકુલ સમજતી ન હતી. હકીકત માં પબ્લિતો ને કોઈ પણ સમજતું નહોતું.



નોકરાણી ને એ સમજાયું નહીં કે પબ્લિતો એ ટામેટા ની ચટણી માં આંગળીઓ બોળી ને રસોડા ની દીવાલ પર વિલક્ષણ ચિત્રો કેમ બનાવ્યા છે? જાણે એ ઓછું હોય એમ, પબ્લિતો એ કોલસા નો ટુકડો લીધો અને એના થી એક ધોયેલી ચાદર પર ખૂબ ચિતરામણ કર્યું. નોકરાણી ને ત્યારે બહુ ગુસ્સો આવ્યો જયારે બધું ફરી ધોવા અને સાફ કરવા માટે એને વધારે સમય કામ કરવું પડયું.




પછી, બે દિવસ પછી પબ્લિતો ની માઁ એ જોયું કે એણે એક બીજું વિચિત્ર કામ કર્યું હતું. એણે રૂમ ની એક દીવાલ ને ખીલી થી ખોતરી-ખોતરી ને બરબાદ કરી નાંખી હતી. માઁ એ એની કરતૂત છુપાવવા દીવાલ સામે સોફો લગાવી દીધો.



માઁ વિચારી રહી હતી કે શું એણે આ બાબત પબ્લિતો ના પિતા સાથે વાત કરવી કે નહીં. પછી એણે વાત ન કરવાનો નિર્ણય કર્યો. જયારે પિતાજી ઘરે આવતા ત્યારે એ શાંતિ ચાહતા હતા. એ આરામ કરવા ઇચ્છતા હતા અને શરારતી છોકરાઓ અને નોકરાણીઓ વિષે કંઈ સાંભળવા નહોતા ચાહતા. પબ્લિતો ના પિતા હકીકત માં એનો બધો નવરાશ નો સમય ચિત્રકામ કરવામાં ગાળતા હતા. એ રંગ અને પીંછી સાથે કેનવાસ પર લગાતાર ચિત્ર જ ચીતરતા રહેતા હતા.



ઘર માં શાંતિ માટે માઁ એ પબ્લિતો ને નાના બાળકો ની બાલવાડી માં મોકલવાનો ફેંસલો કર્યો. માઁ ને લાગ્યું કે એનાથી પબ્લિતો ને જરૂર કંઈક મદદ મળશે. એને લાગ્યું કે એ થોડો શાંત થઈ જશે. કદાચ એ અન્ય બાળકો સાથે રમે અને થોડા બાળગીતો ગાતા પણ શીખે.



પણ પબ્લિતો બાલવાડી માં અન્ય બાળકો સાથે રમવા, કે બાળગીત શીખવા કે ગાવા નહોતો ઈચ્છતો. શિક્ષક દ્વારા સૂચવેલા સરસ નાના ફૂલ ને બદલે પબ્લિતો એ એક ચમકદાર લાલ આકાશ ની વચ માં એક મોટો સૂર્ય બનાવ્યો.

"પબ્લિતો! આકાશ લાલ નથી હોતું! એ વાદળી હોય છે! અને આ વાત બધા જાણે છે!" ટીચરે બાકી બાળકો ની સામે પબ્લિતો ને ઠપકો આપ્યો. અને બાળકો એના પર હસ્યા.

એ દિવસ થી પબ્લિતો ને કિન્ડરગાર્ટન જવાની કોઈ ઈચ્છા ન થઈ.



"આ છોકરા નું શું થશે?" પબ્લિતો ની માઁ એ નિસાસો નાખતા કહ્યું. "એ એક વિદ્રોહી છે! અને એના ઈરાદા નો બહુ પાક્કો છે! કદાચ એ મોટો થઈ ને એક સૈનિક બનશે. જો એ ફોજ માં જશે તો મને ખાતરી છે કે એ જરૂર એક જનરલ બનશે!"

"બની શકે છે કે એ સુધરે અને બદલાઈ જાય," નોકરાણી એ આશા પ્રગટ કરી. (એણે હાલ માં જ સંતો ના જીવન વિષે વાંચ્યું હતું.) "પછી કદાચ સુધર્યા બાદ એ એક પાદરી બને, અને એક દિવસ પોપ પણ બને!"




પછી પબ્લિતો ના પિતા ને બોલાવવામાં આવ્યા અને એની બધી હરકતો વિષે બતાવવામાં આવ્યું. પબ્લિતો એ શું-શું કર્યું એ સાંભળ્યા પછી પિતાજી ને હસવાનું મન થયું. પણ એની પત્ની અને પુત્રીઓ ના આંસુ જોઈને એણે એનું હાસ્ય રોક્યું.

એને બદલે, એણે એની પત્ની ને કહ્યું, "જરા મને મારી ટોપી આપ અને પબ્લિતો ને પણ. અમે બંને લટાર મારવા જઇયે છીએ. હું એ સમજવાની કોશિશ કરીશ કે પબ્લિતો એવો વ્યવહાર કેમ કરે છે."



એ સમુદ્ર ના કિનારે ગયા. થોડા સમય પછી પબ્લિતો ના પિતા સમુદ્ર તટ ની રેતી માં આડા પડયા અને સૂઈ ગયા. પબ્લિતો એ તુરંત એના જૂતા ઉતાર્યા અને રેતી ઉપર ઉઘાડા પગે દોડયો. એ વચ્ચે-વચ્ચે રોકાઈ ને સુંદર શંખ ભેગા કરતો રહ્યો.

જયારે પબ્લિતો ના પિતા જાગ્યા ત્યારે એણે ભીની રેતી માં એની સામે કંઈક એવું જોયું, જે જોઈ ને એ દંગ રહી ગયા. કોઈએ ફક્ત એક રેખા થી રેતી માં ડોલ્ફીન નું એક બહુ સુંદર ચિત્ર દોર્યું હતું.



પબ્લિતો ના પિતા એ એની આંખો ચોળી અને સરખી રીતે જોવા માટે બેઠા થયા. પણ ત્યારે એક લહેર આવી અને ડોલ્ફીન નું ચિત્ર ભૂંસાઈ ગયું. પબ્લિતો એની સામે થી એક શબ્દ પણ બોલ્યા વગર દોડી ગયો.

ઘરે પાછા ફર્યા પછી પણ પબ્લિતો ના પિતા ડોલ્ફીન ના એ અદ્ભૂત ચિત્ર ને ભૂલી ન શક્યા. શું એણે કોઈ સપનું જોયું હતું? જો નહીં તો એ અદ્ભૂત ડોલ્ફીન કોણે દોર્યું હતું? પબ્લિતો? અથવા કોઈ અન્ય વ્યક્તિએ જે એ સૂતો હતો ત્યારે ત્યાં થી નીકળ્યો હતો?



ઘરે પહોંચી ને પબ્લિતો ના પિતાએ એ જોવા ચાહ્યું કે એના બેટા એ લિવિંગ રૂમ ની દીવાલ પર શું કોતર્યું હતું. એણે સોફા ને સરકાવ્યો. એણે જે જોયું એનાથી એ અચરજ માં પડી ગયા. એ પ્રાગૈતિહાસિક માનવ ના ચિત્રકામ જેવું લાગી રહ્યું હતું. એમાં ઘોડા પર તીરકામઠાં લઈ ને શિકારી હરણ અને બાઇસન નો શિકાર કરતા દેખાડયા હતા.



પછી પબ્લિતો ના પિતા એને પોતાના સ્ટુડિયો માં લઈ ગયા. એણે પેઇન્ટિંગ બોર્ડ (ચિત્રફલક) પર એક સફેદ કેનવાસ લગાવ્યું, અને પબ્લિતો ને બ્રશ અને રંગ કરવાની રકાબી આપી, અને એને ચિત્ર બનાવવા કહ્યું.

પબ્લિતો એ સૌથી પહેલા, એની બહેન નું વ્યક્તિચિત્ર બનાવ્યું. અને એણે અદ્ભૂત ચિત્ર બનાવ્યું - જેમાં એના વાળ માં ગુલાબી રિબન હતી અને એણે ચર્ચ જવા માટે રવિવાર નો સુંદર પોશાક પહેર્યો હતો. સ્પષ્ટ રીતે એ ઈંડા ની જરદી વાળા પ્રકરણ માટે માફી ચાહતો હતો.

પછી એણે વૃક્ષ, પ્રાકૃતિક દ્રશ્ય અને ઘોડા ના ચિત્ર બનાવ્યા. એણે લીંબુ, કબૂતર, ફૂલદાની અને ચંદ્રમા ના ચિત્રો પણ બનાવ્યા.



પબ્લિતો ના ચિત્રો જોઈ ને પિતા ચકિત થઈ ગયા. પછી એને સમજાયું કે પબ્લિતો માં આલેખન અને ચિત્રકામ માટે એક અસાધારણ નૈપુણ્ય હતું.

પછી ખૂબ પ્રેમ થી પિતા એ પબ્લિતો ને એના બધા બ્રશ, રંગ ની પેટી, ચિત્રફલક, રંગવાની રકાબી, કેનવાસ, કાગળ ના મોટા-મોટા વીટા, રેખાચિત્ર બનાવવાના લાકડા ના કોલસા, પેન્સિલ, સ્કેચબૂક ઇત્યાદિ આપ્યા. એ દિવસ થી પિતાજી એ ચિત્રકામ અને રંગકામ છોડી દીધા. હવે એ એના પુત્ર ની મહાન પ્રતિભા ને નિહારવા અને એની પ્રશંસા કરવાથી જ ખુશ હતા.



જયારે પબ્લિતો મોટો થયો, ત્યારે એણે દુનિયા ને એક વિશેષ, કલ્પનાશીલ દ્રષ્ટિ થી જોવાનું ચાલુ રાખ્યું. અને એણે જે જોયું એ એના શાનદાર અને રોમાંચક ચિત્રો થકી એણે દુનિયા સામે વ્યક્ત કર્યું. આજે દુનિયા પબ્લિતો ને પાબ્લો પિકાસો ના નામ થી જાણે છે જે આધુનિક કાળ ના સૌથી મહાન અને સૌથી મૌલિક કલાકારો માં થી એક હતા.

અંત